

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આગાહીમાં આવ્યો નહીં ને હવે કરે છે!*
*મી.મી. મુકીને દસ-દસ ઈંચ વરસ્યા કરે છે!*
*તરસ્યા કરે તડકો ખેડૂ, ઝંખે ઉઘાડને -*
*ખોટાં ખાતરને બીજની વ્યથા વરસ્યા કરે છે...*

હાઈકુ

*કરે છે કેમ ?*
*ખેડૂતો આંદોલન,*
*જાત વિરુદ્ધ?!*

*બે માંથી એક*
*કોઈક તો કોઈને*
*કરે છે મૂર્ખ?*

### ચિંતન

**તાદૃશી જાયતે બુદ્ધિ વ્યંવસાયોડપિ તાદૃશઃ ।**
**સહાયાસ્તાદૃશા એવ યાદૃશી ભવિતવ્યથા ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્ય જેવું ભાગ્ય લઈને જન્મે છે, તેની બુદ્ધિ તે અનુસાર પ્રવૃત્ત થાય છે અને તે વ્યવસાય પણ એવી જ જાતનો શોધે છે. તેના સહાયક પણ તે જ પ્રકારના હોય છે. મનુષ્યના ભાગ્યમાં જે લખેલ હોય છે તે જરૂર થાય છે.

પૂર્વ જન્મો 'એક નહીં અનેક) ના ફળ પરિણામ સ્વરુપ વિધિના લેખ-ભાગ્યના લેખ લખાય અને એ પ્રમાણે એવા પર્યાવરણ - પરિસ્થિતિ - પરિવાર - સ્નેહ - સંબંધી - મિત્રો અને કારોબાર મળે છે. આમાં કોઈ મીનમેખ કરી શકતું નથી માત્ર પુણ્ય બળે થોડીક રાહત મળે છે.

### સુવિચાર

- બિના કિતાબોં કે જો પઢાઈ સીખી જાતી હૈ ઉસે 'જિંદગી' કહતેં હૈ - **અશોક પુણેકર**
- ચહેરા પરનું સ્મિત કયારેક સંતોષનું હોય છે તો કયારેક સહનશક્તિનું પણ હોય છે - **અખંડ આનંદ**
- જયાં મૌનથી કામ ચાલે ત્યાં ગર્જના નકામી - **એસ. ભટ્ટાચાર્ય**
- મનની શાંતિ માટે ભૂલને ભૂલતા શીખવું પડે, તે આપણી હોય કે બીજાની - **ક્રિષ્નકાન્ત ઉનડકટ**
- ભારતનો માનવી 'હેરામ' બોલે ત્યારે એનો થાક ઊતરી જાય છે - **ભક્તિ કવિ દુલા કાગ**
- તારામાં જેનું મન નથી એને તું મન લગાવીશ નહીં - **શેખ સાદી**
- આજનું ઔષધ : મોંમાં ચાંદા પડ્યા હોય તો ફુલાવેલા ટંકણખારને પાણીમાં નાખી તેનાંથી કોગળા કરવા

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શાળાનાં ઈતિહાસના શિક્ષક કોઈ પાઠ શીખવાડી રહ્યા હતા. શિક્ષકનો આગ્રહ હતો કે સૌ અગત્યના મુદ્દાની નોંધ પણ સાથે સાથે લખી લે. એમણે વર્ગમાં એક વિદ્યાર્થી પાસે જઈને જોયું તો તે કંઈ લખી રહ્યો ન હતો. તે શાંતિથી શિક્ષકને સાંભળી રહ્યો હતો. શિક્ષકને ગુસ્સો આવ્યો. તેમણે તેને પૂછ્યું, 'તું લખતો કેમ નથી ?' વિદ્યાર્થીએ જવાબ આપ્યો, 'સાહેબ આપે જે ભણાવ્યું છે તે મને સંપૂર્ણ કંઠસ્થ છે પછી મારે શું કામ નોટબુકના પાના ભરવા પડે?' શિક્ષક આદેશ કર્યો. 'સારું, તને તારી યાદશક્તિ પર ગુમાન છે ને તો તને જે યાદ છે તે મને સંભળાવ જો એમાં ભૂલ પડશે તો આ નેતરની સોટી તારા માટે તૈયાર છે.'

વિદ્યાર્થીએ આત્મવિશ્વાસ પૂર્વક આખો પાઠ સંપૂર્ણ સાચો કહી બતાવ્યો. શિક્ષક સજા કરી ન શક્યા. બીજે દિવસે ભણાવતા ભણાવતા શિક્ષકે જમીન પર મગફળીનાં ફોતરા જોયા. અને એમણે કોઈ વિદ્યાર્થીને પૂછ્યા વગર દરેકને એક એક સોટી મારવાનું શરૂ કર્યું. ત્યારે પેલા વિદ્યાર્થીએ મક્કમતાપૂર્વક વિરોધ કરતા કહ્યું, 'આ રીતે બધાને સજા ન આપો. જેની ભૂલ હોય તેને ફટકારો.' શિક્ષકને એ વિદ્યાર્થીની દૃઢતા અને સાહસ જોઈને દંગ રહી ગયા એ વિદ્યાર્થી મોટો થઈને બાલગંગાધર તિલક બન્યા.

# દેશ ખેડૂતોનું હિત ઈચ્છે છે

**તંત્રીસ્થાનેથી...**

વિવાદાસ્પદ કૃષિ ખરડા રાજયસભામાં ધ્વનિમતથી પસાર કરાવી દઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષોનો રોષ વહોરી લીધો છે. વિપક્ષો આ ખરડા સિલેક્ટ કમિટીને સોંપવાની ભલામણ કરતા રહ્યા પણ રાજયસભાના ઉપાધ્યક્ષ હરિવંશે ખરડા પર વિભાજનની માગ ફગાવી ધ્વનિમત લઈ ખરડા પસાર કરી દીધા. વિપક્ષોની વાત વાજબી હોય તો પણ નહીં જ સ્વીકારવી અને મનનું ધાર્યું જ કરવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રકૃતિગત વિશેષતા છે. વિપક્ષોના ભારે હોબાળા અને ઉપાધ્યક્ષનું માઈક સુધ્ધાં તોડી નાખવાની ઘટના પછી પણ વડાપ્રધાનના પેટનું પાણી સુધ્ધાં હલ્યું નથી. પંજાબ અને હરિયાણામાં ખેડૂતો આ ખરડાના વિરોધમાં આંદોલન કરી રહ્યાં છે અને એનડીએના સૌથી જૂના સાથી પક્ષો પૈકીના અકાલીદળે એમના એક માત્ર કેન્દ્રીય મંત્રી હરસિમરન કૌર પાસે રાજીનામું મુકાવી દીધું છતાં મોદી સરકારે એના એજન્ડાને સફળતાપૂર્વક આગળ વધારી બેઉ ગૃહોમાં પસાર થયેલા ખરડા કાનૂનનું સ્વરુપ ધારણ કરી શકે એટલા સારું રાષ્ટ્રપતિને મોકલી આપ્યા છે. રાષ્ટ્રપતિ તો કહ્યાગરા કંથ છે એટલે પુનર્વિચારણા માટે ખરડા પાછા મોકલશે એવી તો કલ્પના પણ ન થઈ શકે. હવે આ મુદ્દે આગામી ચૂંટણીઓમાં ખેડૂતો જ ન્યાય કરશે કે સરકારે જે કંઈ કર્યું છે તે એમના લાભમાં છે કે પછી વિપક્ષોને દહેશત છે એમ ઉદ્યોગગૃહો અને માલેતુજારોને રાજી રાખવાનું પગલું છે. ખેતપેદાશો માટે કોંગ્રેસના ઢંઢેરામાં પણ વચન અપાયું હતું પમ એ ભાજપના વર્તમાન ખરડાઓ કરતાં જુદું હતું. રાજયસભાના સિનિયર સદસ્ય અહમદ પટેલે બે ખરડાઓની તુલના કરતા કહ્યું છે કે અમારો ખરડો 'ઘોડો' હતો અને ભાજપ સરકારનો ખરડો 'ગધેડો' છે આપણી દેશી બોલીમાં 'ઘોડા ગધેડા જેટલો ફરક' હોવાનો રૂઢપ્રયોગ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ન તો કોંગ્રેસ કે તૃણમૂલ કોંગ્રેસ અને ડાબેરીઓના હોબાળાને મહત્ત્વ આપશે કે ન એ પંજાબ અને હરિયાણાના ખેડૂતોના આંદોલનથી પારોઠમાં પગલાં ભરવા તૈયાર થશે. કોરોનાએ એમને એક ખાસ સુવિધાજનક સ્થિતિ ઉપલબ્ધ કરાવી છે તે એ કે પ્રશ્ન કલાક જેવી સગવડ જ નાબૂદ થઈ ગઈ છે. મોદીએ એમનાં ચૂંટણી પ્રવચનોમાં ખેડૂતોને આત્મનિર્ભર કરવાની, વચેટિયાઓને નાબૂદ કરવાની અને પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરી આપવાનું આશ્વાસન આપ્યું હતું. કૃષિ તજજ્ઞ સ્વામીનાથન જેવાના પરામર્શથી તૈયાર કરાયેલ આ ખરડાઓ દેખીતી રીતે તો ખેડૂતોના હિતમાં જ પગલાં લાગે છે, કારણ કે એ ખેડૂતોને એમની ખેતપેદાશ ખુલ્લા બજારમાં, મન ફાવે ત્યાં વેચવાની છૂટ આપે છે. એને અત્યાર લગી મુઠ્ઠીભર વેપારીઓની મરજી પર પોતાનો પાક વેચવો પડતો હતો એને બદલે હવે એના પર એવું કોઈ જ નિયંત્રણ રહેશે નહીં. આથી સૌથી મોટો ફટકો તો અત્યાર લગી ખેડૂતોને બાનમાં રાખતા માર્કેટયાર્ડો - ગંજબજારો કે 'મંડી' પર પડવાનો છે. પરંતુ ખેડૂતોને બીજી દહેશત એ છે કે આ ખરડા લાવીને સરકાર કદાચ 'ટેકાના ભાવ' ની જવાબદારીમાંથી છટકી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખરડાઓ ખેડૂતોનું અત્યાર સુધી થતું આવેલું શોષણ અટકાવી એમને મુક્ત વેપારની તક આપવાના શુભાશય સાથે રજૂ કરાયા હોવાનું જણાવ્યા પછી માર્કેટ યાર્ડો અને 'ટેકાના ભાવ'ની સરકારી જવાબદારી તથા સરકાર દ્વારા ખરીદી ચાલુ રહેશે એવું આશ્વાસન પણ આપવું પડ્યું છે. લઘુત્તમ ટેકાના ભાવની વ્યવસ્થા ચાલુ રહેશે અને સરકાર કૃષિ ઉપજની ખરીદી કરતી રહેશે - એવું વચન મૌલિક છે. કાયદામાં એ સામેલ નહીં હોય એથી ખેડૂતોને સરકાર તરફથી છેતરપિંડી કરાઈ રહી હોવાનો ભય લાગી રહ્યો છે. હવે પાક પેદાશો પેદા થાય અને વેચાય ત્યારે સમજાય કે વચેટિયાઓને દૂર કરીને સરકાર સંપન્ન ઉદ્યોગગૃહો મારફત સીધી ખરીદી કરાવવાનો કારસો તો નથી કરી રહી ? એટલું નક્કી છે કે આ ખરડા કાનૂન બનશે ત્યારે 'એપીએમસી' - કૃષિ પેદાશો ખરીદનાર માર્કેટ યાર્ડોનું માળખું કડડભૂશ થઈને રહેશે. માર્કેટયાર્ડો પણ આખરે તો સહકારી રાજકારણના અડ્ડા જ બની રહેલ છે.

# લતાજીના સ્વરમાં આપણને અણમોલ ગીતોનો અખૂટ ભંડાર મળ્યો છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

એમનું બાળપણનું નામ હેમા હતું, કુંદનલાલ સાયગલ માટે એમને અપાર આદર હતો, હિન્દી સિનેમામાં પાર્શ્વગાયિકા, સંગીત નિર્દેશક (આનંદ ધન નામે) અને ફિલ્મ નિર્માતા તરીકે સાત દાયકાથી વધુ સમય એમને કાર્ય કર્યું છે...

સમગ્ર વિશ્વમાં એમના સ્વરના ચાહકો છે, રાષ્ટ્ર કી આવાઝ અને સ્વર સામ્રાજ્ઞી જેવા અનેક વિશેષણોથી તેઓ ઓળખાય છે, ભારત રત્ન સહિતના અનેક એવોર્ડઝ તેમને મળ્યા છે. તારીખ ૨૮ સપ્ટેમ્બર, એમનો જન્મ દિવસ છે ને તેઓ ૯૦ વર્ષના થશે.

વાચકને હવે સમજાઈ જ ગયું હશે કે વાત સ્વરકિન્નરી, સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરની થઈ રહી છે. સાત દાયકાથી વધુ સમયનો એમનો કાર્યકાળ રહ્યો...ગાતા રહ્યા અને વિશ્વભરના એમના શ્રોતાઓને રાજી કરતા રહ્યા... માનવીય સંબંધોના તમામ પાત્રો માટે, મનની હૃદયની તમામ લાગણીઓના સંવેદનો સાથેના ગીતો એમને ગાયા... સાંભળનાર જે ભાવથી સાંભળે, એને એવું જ લાગે કે, આ ગીતમાં તો મારા જ હૃદયની વાત શબ્દો દ્વારા વ્યકત થઈ રહી છે.

જન્મ થયો ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૯, મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં. પિતા દિનનાથ મંગેશકર રંગમંચના કલાકાર અને માતા શેવન્તી મંગેશકર આદર્શ ગૃહિણી... પરિવારના અન્ય સભ્યોમાં બહેનો મીના, આશા, ઉષા અને ભાઈ હૃદયનાથ... બધાએ ફિલ્મોમાં સંગીત ક્ષેત્રને કારકિર્દીનું સ્વરુપ આપ્યું અને પોતાની રીતે શ્રેષ્ઠ પ્રદાન કર્યું. માત્ર પાંચ વર્ષની ઉંમરે ઘરમાં ગાતા હતા ત્યારે પિતાજીને ખ્યાલ આવ્યો કે એનામાં ગાયક થવાના ગુણો પડેલા છે. પિતાજીના મૃત્યુ પછી ઘર ચલાવવાની જવાબદારી લતાજી પર આવી, મુંબઈ આવ્યા એ પહેલા 'પાહિલી મંગલા ગૌર' સહિતની કેટલીક ફિલ્મોમાં અભિનેત્રી તરીકે કામ કર્યું. ૧૯૪૨માં સદાશીવ નેવરેકરે મરાઠી ગીત ગવડાવ્યું પણ ફાઈનલ એડિટીંગ સમયે એ ગીત ફિલ્મમાંથી હટાવી દેવાયું...

એમનામાં રહેલી ગાયિકાની ક્ષમતાને સૌ પ્રથમ પારખી સંગીતકાર ગુલામ હૈદર... દરમિયાન લતાજીએ ઉસ્તાદ અમન અલીખાં સાહેબ પાસે શાસ્ત્રીય સંગીત શીખવાનું શરૂ કર્યું. ૧૯૪૭માં સંગીતકાર ખેમચંદ પ્રકાશના સંગીતમાં બનેલી 'મહલ' ફિલ્મના ગીત 'આયેગા આનેવાલા.. થી સ્વતંત્ર ઓળખ પ્રસ્થાપિત થઈ ને એ પછી નૌશાદની અંદાઝ તથા શંકર-જયકિશનની બરસાત ફિલ્મના ગીતોથી શ્રોતાઓ એવા ભીંજાયા કે સાત દાયકા સુધી લતાજીની સ્વર વર્ષામાં ભીંજાતા જ રહ્યા.'

કિશોર કુમાર એક ઈન્ટરવ્યુમાં લતાજી સાથેની પ્રથમ મુલાકાતને યાદ કરતાં કહે છે,'લતાજી અને કિશોર કુમાર બંને ટ્રેનના એક ડબ્બામાં મુંબઈમાં પ્રવાસ કરી રહ્યા હતા. એક જ સ્ટેશને બંને ઉતર્યા... લતાજીએ ઘોડા ગાડી કરીને જે દિશામાં પ્રવાસ શરૂ કર્યો, એવું જ કિશોર કુમારે પણ કર્યું... લતાજી બોમ્બે ટોકીઝ ઉતર્યા ને સ્ટુડિયોમાં ગયા તો એ પણ અનુસર્યા... લતાજીને લાગ્યું કે આ માણસ મારો પીછો કરે છે, વાસ્તવમાં પછી ખબર પડી કે એ કિશોરકુમાર છે ને બંને એક જ ફિલ્મ 'ઝીદી'ના ગીત રેકોર્ડિંગ માટે ત્યાં સાથે-અનાયાસ ગયા હતા.'

એક મુલાકાતમાં સ્વરકારોના ઉલ્લેખથી વાત નીકળે છે તો લતાજી કહે છે કે, 'જયદેવ મોસ્ટ ચેલેન્જીંગ હતા. તેઓએ નેપાળના રાજા બીરેન્દ્રજી એ લખેલું ગીત નેપાળી ફિલ્મ માટી ઘરમાં ગવડાવ્યું છે, ઈટ વોઝ વન ઓફ ધ ટફેસ્ટ સોંગ્ઝ ઓફ માય કેરીયર!'

શંકર-જયકિશન દ્વારા સંગીતબદ્ધ મયુર પંખ, પટરાણી જેવી ફિલ્મોના તમામ ગીતમાં લતાજીનો સવર હતો તો બતાવે છે કે શંકર જયકિશન પણ તેમને અનહદ આદર આપતા હતા.

ગીતકાર આનંદ બક્ષીએ લતાજી માટે લખ્યું છે.

યે ગુલશન મેં બાદ-એ-સબા ગા રહી હૈ,
એ પર્વતયે કાલી ઘટા ગા રહી હૈ
યે ઝરનોને પૈદા કિયા હૈ તરન્નુમ
કિ નદીયાં કોઈ ગીત સા ગા રહી હૈ
મુજે જાને કયા કયા ગુમાં હો રહા હૈ
નહીં ઔર કોઈ, લતા ગા રહી હૈ

એમના ગીતોના કાર્યક્રમો થાય ત્યારે કોઈ ગીત એવું ન મળે જે ના લઈએ તો ચાલે !!! એના માધુર્યની મીઠાશ બંધા જ ગીતોમાં મળે... એક ઈન્ટરવ્યુમાં લતાજીએ કહ્યું છે કે 'પ્રત્યેક ગીત ગવાયા બાદ મને થતું કે હજી વધુ સારું ગાઈ શકાય... વાહ, વાહ, કયા ગાના ગાયા હૈ?' એવી અનુભૂતિ મને કયારેય નથી થઈ. કદાચ એથી જ લતાજીના સ્વરમાં આપણને અણમોલ ગીતોનો અખૂટ ભંડાર મળ્યો છે.

લતાજી વિશેની કેટકેટલી વાતો, કથાઓ, ઈન્ટરવ્યુઝ, કાર્યક્રમોના ઓડિયો-વીડિયો, પુસ્તકો આજે સ્મરણોમાં સહુને આવતા હશે... એમને રૂબરૂ મળવાનો - કહો કે દર્શનનો લ્હાવો એકવાર મને પણ મળઅયો છે એનું સ્મરણ થાય... એમના દીર્ઘ અને સ્વસ્થ આયુષ્યની મંગલ કામના સાથે એમના ગીતો સાંભળીએને આસપાસ લતામય સૂરોના અજવાળા રેલાય છે.

# લાજિમ યહ હૈ કિ હર ઔરત ઝરા મર્દાના ઔર હર મર્દ ઝરા નારી હો...



વિચારયાત્રા
ડો. જય ઓઝા

મર્દાને મર્દ ઔર ઔરતાની ઔરતોં ને
સારા ખેલ ખરાબ કર દિયા,
લાજિમ યહ હૈ કિ હર ઔરત જરા મર્દ
ઔર હર મર્દ જરા નારી હો...

કવિ 'દિનકર' ની ઉપરોક્ત પંક્તિ હરિવંશરાય બચ્ચનજીની 'નીડ કા નિર્માણ ફીર' વાંચતી વખતે નજરે ચડી...

કેટલી યથોચિત પંક્તિ છે...! આ પંક્તિ વાંચીને મને 'મૂછાળી માં' તરીકે ઓળખાત ગિજુભાઈ બધેકા યાદ આવી ગયા...

દરેક સ્ત્રી અને પુરુષમાં સ્ત્રીત્વ અને પુરુષત્વ સહજ ગુમો ઈશ્વરદત્ત છે... પરંતુ અહીં અલગ દૃષ્ટિકોણ લેવાનો છે.

પુરુષ માત્ર કઠોર ન બની રહેતા એક માની જેમ કરુણા પણ દર્શાવી શકે તો કેવું સરસ! અને સ્ત્રી માત્ર કરુણામૂર્તિ ન બની રહેતા લોખંડી માનસ ધરાવતી મક્કમ બની રહે તો કેવી સોનામાં સુગંધ મળે!

દુનિયાના મોટા મોટા વૈજ્ઞાનિક અને દૃષ્ટા આજે નારીને પૂર્ણ અથવા આદર્શ નનારી માને છે, જેનામાં કોઈ પુરુષત્વ હોય. પુરુષ પણ વિશુદ્ધ પુરુષ ઈચ્છનીય નથી, તેનામાં થોડું નારીત્વ હોવું તે પુરુષને વધુ ગ્રાહ્ય અને સ્વીકાર્ય બનાવે છે.

વાત ખૂબ જ સરળ છે, પરંતુ સરળ વસ્તુ આપણને ઝટ સમજાતી નથી... કાયમ આપણે સાંભળતા આવ્યા છીએ કે સ્ત્રીની આંખો એટલે શ્રાવણ ભાદરવો... કાંઈક થયું નથી ને પલપલીયા પાડવા લાગશે ! અને પુરુષ એટલે ખડક જેવી અફાટ અકળ સ્થિરતા...

ઉપરની બંને સ્થિતિ સમાજ માટે પરિવાર માટે યોગ્ય નથી... એ પુરુષની હાલત દયનીય છે, જે પ્રસંગોપાત મુક્તપણે રડી નથી શકતો... રડવું એ નિર્બળતાની નિશાની બિલકુલ નથી... રડવું એ અભિવ્યક્તિ છે... અને સુખ અથવા દુઃખની ચરમસીમા આવે ત્યારે આંખોમાંથી અશ્રુ બહાર નીકળવા જ જોઈએ.

આનાથી વિપરીત અકારણ નાની-નાની વાતમાં પરિસ્થિતિનો સામનો કરવાની બદલે રુદનને જ શસ્ત્ર બનાવનારી સ્ત્રી કયારેય સબળા કયાંથી બની શકે !

સામાન્ય રીતે કોઈ એવા ઘરમાં કે જયાં બે-ત્રણ દીકરીના જન્મ પછી દીકરીની એષણા માતા-પિતામાં રહી ગઈ હોય તેવા ઘરોમાં મોટી બહેન કે એ ઘરની દીકરી હંમેશા પોતાના મા-બાપનો દીકરો બનવાની મથામણ કરતી હોય છે...!

અથવા અનાયાસ! માતા અથવા પિતાનું નાની ઉંમરમાં મૃત્યુ થઈ ગયું હોય તે દીકરી ઘરની જવાબદારી વહન કરતા કરતા પૌરુષત્વના ઘણાં મોરચાઓને સિદ્ધ કરતી હોય છે...

અને આનાથી બિલકુલ વિપરીત પરિસ્થિતિ જયાં ત્રણ બહેન પછી વીરલો જન્મ્યો હોય તે વીરલો માતાપિતા બહેનોના હાથમાં પંપાળાતા-પંપાળાતા મોટો થાય ત્યારે પૌરુષ સહજ હાડમારી, કઠોરતા તેનામાં આવતા નથી માટે તે સ્હેજ સ્ત્રૈણ જ બની રહે છે... હંમેશા બે કદમ પાછળ જ ચાલતા તેનો સહજ વિકાસ થયો નથી.

વાચક મિત્રો રખેને આ આખા મુદ્દાને શારીરિક ઢાંચામાં કે એવા કોઈ ભળતા અર્થમાં વણી લેતા...

આમા તો માત્ર એ જ વાતનો પરિનિવેષ આદરવાનો યત્ન કર્યો છે અને તે પુરુષ માત્રમાં માત્ર જડતા ન હોવાની અપેક્ષાએ જો ઋજુ ભાવનાઓ પણ સંચરિત થતી હોય સંસારના ઘણા બધા દુષ્પરિણામ આવતા અટકી જાય...

એક એવી સ્ત્રી જે પુરુષપ્રધાન સમાજમાં માત્ર પુરુષ સમોવડી બનવાની ખેવના ધરાવતી હોય તે અપેક્ષિત નથી. જવાબદારી, અડગ નિર્ણયશક્તિ, એકલા હાથે નિર્દયી સમાજ સામે ઊભે રહેવાની હામ ભીજનારી નારાયણી હોવી જોઈએ.

અમુક પ્રકારના સંજોગો પરિસ્થિતિઓ અને પારિવારિક મુશ્કેલીઓના કારણે સ્ત્રી ઘરની બહાર નીકળીને જે રીતે લડત લડે છે, તે જ સ્ત્રીને કઠોર પાટક બનાવે છે.

ખબર નહીં કેમ પણ એવું સામાન્ય રીતે જોવા મળ્યું છે કે સ્ત્રી જો હાડમારી વેઠીને પુરુષસહજ કઠોરતા ધારણ કરીને આગળ વધતી હોય તો, તે પ્રશંસાને પ્રાપ્ત કરે છે... Faminist movaments એવોર્ડ આપીને નવાજે છે...

પરંતુ પુરુષમાં સ્ત્રીસહજ કોમળતા કે ઋજુતાને પ્રશંસવામાં નથી આવતી... વગોવવામાં આવે છે... અને કદાચ આ જ કારણે ખુદ પુરુષ પણ કોમળતા, મમતા ઋજુતા જેવા તત્વો ધરાવતા હોવા છતાં દર્શાવતો નથી... ખચકાય છે... શરમાય છે કે રખેને કોઈ તેની આ વિશુદ્ધ ભાવના વેવલાવેડામાં ખપાવી દે...!

જરા વિચારી જુઓ આપણા સમાજમાં સ્ત્રીઓ પર થતા અત્યાચાર - બળાત્કાર, દહેજ, છેડતી, તેમનું એકસપ્લોટાઈઝેશન - આ બધા પ્રશ્નો હલ થઈ જાય જો પુરુષ સ્ત્રીસહજ થોડીક કોમળતા અનુભવે...

સંયુક્ત પરિવારમાં ઉછરવાના કારણે ફાયદો એ થયો કે બહેનોને રમતામાં કેમ જીતાડવી... હાથે કરીને કેમ હારી જવું... કે જેથી બહેનમાં આત્મવિશ્વાસ આવે અને આગળ જતા એ જ રમતમાં ખરેખર અમને પોતાના સ્વબળે હરાવી જાય... તેવી શકયતા સુધી પહોંચી જાય...

આ જ સંસ્કાર લઈને કૉલેજમાં ગયા ત્યારે કોઈ પણ છોકરીને ખરાબ નજરથી જોવાની વાત તો દૂર તેઓ વિચાર સુધ્ધા મગજમાં ન આવ્યો.... કારણ કે બહેનો વચ્ચે તેમની અભિવ્યક્તિઓને તેમની સાથે એક ઋજુતા અને સ્ત્રીત્વનું સન્માન કરવાનું નાનપણથી આરોપાયું હતું...

આપણે આપણા બાળકોને નાનપણથી જ એવું શિક્ષણ આપવું પડશે કે સ્ત્રીને જોવાનો દૃષ્ટિકોણ માત્ર ભોગ કે સાધન પૂરતો મર્યાદિત ન રહે... છોકરાને નાનપણથી જ સ્ત્રીની જે સ્ત્રીત્વ / સ્ત્રૈણ આદતો છે, તેને વિશિષ્ટનાની રુપે સમજાવવી.

સાવ સરળ ઉદાહરણ કે છોકરી સેન્સીટીવ અને ઈમોશનલ મૂવી જોઈને રડતી હશે... અને છોકરાઓને તો સિંઘમ જ બતાવવામાં આવશે... એવેન્જર્સ તો માત્ર છોકરાઓ માટે જ અને એલિસ ઈન વન્ડરલેન્ડ કે સિન્ડ્રેલા માત્ર છોકરીઓ માટે... શા માટે આપણે પોતે આવા વિભાગો પાડી દીધા છે?

સિન્ડ્રેલા કે એલિસના પાત્રની કોમળતા ભલે તે છોકરાઓ પણ માણતા અને જાણતા... અને એવેન્જર્સના એકશનને તેમની તલવારથી ભલેને છોકરીઓ રમતી... શું આપણે આવો બદલાવ લાવી શકીશું... Thik over It...

- jayuoza@gmail.com
Mo.9898046488

# 'તા... થૈયા, થૈયા તા... થૈ...' આ લયબધ્ધ શબ્દોનો રોચક ઈતિહાસ છે



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'તા... થૈયા, થૈયા તા... થૈ...' લયબધ્ધ આ શબ્દો કાનમાં અથડાય એટલે ગુજરાતની નાટ્યકલાનો ભવ્ય વારસાનો ચિતાર માનસપટ ઉપર ખડો થઈ જાય. આ શબ્દોનો એક રોચક ઈતિહાસ છે. વિદેશી આક્રાંતાઓ અને શાશકો ભારતની જાહોજલાલીથી આકર્ષાઈને હિન્દુસ્તાનને લુંટવા અને તેને તાબે કરવા હુમલાઓ કરતા તે સમયની વાત છે. અલ્લાઉદ્દીન ખિલજીના એક સરદારે તે વખતના સમૃદ્ધ ગુજરાત ઉપર હુમલો કરી સિદ્ધપુર કબ્જે કર્યું. સિદ્ધપુરમાં હેમાળા પટેલ એમની સ્વરૂપવાન દીકરી ગંગા સાથે રહેતા હતા. પટેલની દીકરી ગંગાના રૂપ ઉપર ખિલજીનો આ સરદાર મોહી પડ્યો. પટેલ તો આ વાત જાણીને ફફડી ગયા. પટેલે એમના મિત્ર અસાઈત ઠાકર પાસે જઈને આપવીતી કહી.



મિત્રના દુઃખની ઘડીઓમાં અસાઈત એમની પડખે ઊભા રહ્યા. સરદારને કહે, ગંગા મારી દીકરી છે. સરદારે હુકમ જારી કર્યો જો ગંગા અસાઈતની દીકરી હોય તો બન્ને એક ભાણે જમે. અસાઈતે તો ગંગા સાથે એક થાળીમાં ભોજન લીધું. પણ એ સમય કટ્ટર જ્ઞાતિવાદનો હતો. બ્રાહ્મણ પટેલની દીકરી ભેગા એક થાળીમાં જમે તો હાહાકાર થઈ જાય. બન્યું પણ એવુ કે, નાતે અસાઈતનો બહિષ્કાર કરાયો. એમને નાત બહાર મૂકવામાં આવ્યા. અસાઈતે મિત્ર પટેલની દીકરીનું શિયળ લુંટાતુ બચાવ્યું અને પોતે સિદ્ધપુર છોડી ઉંઝા જતા રહ્યા. ઉંઝામાં જીવન વ્યતીત કરવા માટે આર્થિક સંકડામણનો સામનો કરી રહેલા અસાઈતે એક દિવસ માતાજીના મંદિરનો દ્વાર ખોલતા સામે ચૂંદડી, ચોખા, કંકુ અને ઘુઘરા જોયા. એમના મુખમાંથી સરી પડ્યું, 'તા... થૈયા, થૈયા તા.. થૈ...' બસ પછી આરંભાઈ ભવાઈ કલા. અસાઈત ઠાકરે ૩૩૦ જેટલી ભવાઈ કથા લખી હોવાનું કહેવાય છે. એમ કહેવાય કે, ગુજરાતની ભવાઈ કલાના ભિષ્મ પિતામહ અસાઈત ઠાકર છે. આજે સોશિયલ મીડિયા અને સિનેમા-નાટકોનો ટ્રેન્ડ વધતાં ઈ.સ. ૧૪મી સદીથી ચાલી આવતી ભવાઈ લુપ્ત થતી જાય છે. આમ છતાં પણ ગામડાઓમાં અને દેશ-વિદેશમાં ગુજરાતની ભવાઈ રસપૂર્વક માણવામાં આવતી હોવાના પ્રસંગો જોવા મળે છે. જો કે એ પણ એટલું સાચુ છે કે, એનું પ્રમાણ ઘણું ઓછું છે.

રાજકોટના માળીયા તાલુકાના નાના ભેલા ગામનુ શ્રી હીરજી કેશવજી ભવાઈ મંડળ એક સેંકડા પુરાણું છે. આ ભવાઈ મંડળના નાયક હીરજીભાઈની ચોથી પેઢી ભવાઈ કલાની ઉપાસનામાં છે. ૧૧૫ વર્ષોથી ભવાઈના કલાકારો દ્વારા લોકરંજનનો ભેખ લઈને આ મંડળ અવિરત આગળ ધપી રહ્યું છે. હીરજી દાદાએ ભવાઈના ક્ષેત્રે પદાર્પણ કર્યું એની કહાની કંઈક એવી છે કે, લીલીયાના પુરુષોત્તમભાઈ વ્યાસ તેમના પાંચ દીકરાઓ સાથે સૈકા પહેલા ભવાઈ મંડળી ચલાવતા. આ મંડળીમાં બાળ હીરજીભાઈ અને કેશવજીભાઈ જોડાયા. એ જમાનામાં લોકોને હીરજી અને કેશવજીનો અભિનય ખૂબ ગમતો. બન્ને ભાઈઓએ ગામે ગામ જબરૂ આકર્ષણ જમાવ્યું હતું. હીરજીભાઈ રામદેશના ઠકરાણા સુધી તમામ ભવાઈના મુખ્ય સ્ત્રી પાત્રો ભજવતા. કેશવજીભાઈ ગણેશથી માંડીને રામદેશ સુધીના પુરુષ પાત્રો ભજવતા. હીરજીભાઈનો રાધાનો વેશ અને કેશવજીભાઈનું કૃષ્ણનું પાત્ર સૌરાષ્ટ્રના વડીલોને આજે પણ યાદ છે.

હીરજીભાઈના સ્વર્ગવાસ બાદ એમના પુત્ર મણીલાલ વ્યાસે આ પ્રાચિન નાટ્યકલાને આગળ ધપાવી. મૈયારી, પૃથ્વીરાજ ચૌહાણ, જય ચિત્તોડ, રામ વનવાસ, સવા રૂપિયો, વનરાજ જેવા વિવિધ ભવાઈના એમણે વેશ ભજવ્યા છે. ત્યારબાદ મણીલાલભાઈના ચાર પુત્રો પૈકી ભરતભાઈએ ભવાઈ કલાને આત્મસાત કરી. જેમ જેમ યુગ બદલાતો ગયો એમ એમ ભરતભાઈએ ભવાઈને વધુ નવા સ્વરૂપોમાં પ્રસ્તુત કરવાનો અભિગમ રાખ્યો છે. ભારતના લગભગ તમામ રાજ્યોમાં ભરતભાઈ ગુજરાતની ભવાઈના ઝંડા ગાડી આવ્યા છે. આજે પણ વર્ષમાં ૧૦૦થી વધુ ભવાઈ કાર્યક્રમો ભરતભાઈ કરી રહ્યા છે. એ પણ એટલી જ વાસ્તવિકતા છે કે, દાયકાઓ પહેલા ભવાઈના વેશ ભજવવા રૂ. ૪૦થી ૫૦નો ખર્ચ થતો આજે એ હજારોમાં થાય છે. આ ભવાઈ મંડળની નાટ્ય સ્ક્રીપ્ટ અને સંવાદો હીરજીભાઈથી માંડીને ત્રીજી પેઢીના ભરતભાઈ સ્વયં લખે છે. ભરતભાઈ ઈરાન, બહેરીન, લંડન, વેસ્ટ ઈન્ડિઝ, અમેરિકા જેવા દેશોમાં પરફોર્મન્સ આપી ચૂક્યા છે. ભરતભાઈના ૨૨ વર્ષના યુવાન પુત્ર ભાર્ગવ પણ ભવાઈ કલામાં ઓજસ પાથરી રહ્યાં છે.

'ભવાઈ' શબ્દનો અર્થ બે રીતે જોવાય છે. એક તો 'ભવ' એટલે જગત અને 'આઈ' એટલે 'મા' જગત માતા જગદંબા 'મા અંબા'ની ભક્તિના કેન્દ્રબિંદુ સાથે ભજવાતી વેશભુષાને ભવાઈ કહેવાય. બીજુ 'ભવહ્ન એટલે જિંદગી અને 'વહી' એટલે વાત. આમ ભવાઈનો સાદો અર્થ થાય 'જિંદગીની વાત'. સમાજ જીવનની, સંસારની, ઈતિહાસની, અનુભવની કથાની વાત રજૂ કરે તે ભવાઈ. એક વાયકા એવી પણ છે કે જગદંબાએ એવું વચન આપ્યું હતું કે, જે કલાકાર આ કલાને સાચા હૃદયથી સમર્પિત હશે એને માતાજી ક્યારેય જીવનમાં કોઈ કચાશ નહિ આવવા દે.

સામાન્ય રીતે, માઢ, પ્રભાત, ગોડી, સોરઠ, માયુ, આશવરી, ભૈરવી, સારંગ, કાનડો, મલ્હાર જેવા રાગમાં ભવાઈ રજૂ થતી હોય છે. તરગડો, લાવણી, દોઢિયો, ચેતમાન, ચલતી, કેરવો હીંચ એવા તાલ હોય છે. ભૂંગળ, નરઘાં અને કાંસીજોડા મુખ્ય વાજિંત્ર સાથે ભવાઈ ખૂબ ઓછા ખર્ચે મોટુ મનોરંજન પુરું પાડે છે. સંસ્કારી સમાજ ઘડતર અને આગામી પેઢીને સન્માર્ગે વાળવા માટે સદીઓથી ભવાઈ કલાકારોની જહેમત દાદ માગી લે એવી છે. એક સદી પુરાણા હીરજી કેશવજીના ભવાઈ મંડળની ચોથી પેઢી આજે પણ અડીખમ પરફોર્મ કરતા જોઈને ગર્વ થાય એ સ્વાભાવિક છે. ગુજરાતની જૂની રંગભૂમિના પાયામાં ભવાઈ નાટ્ય કલાનો મજબૂત પાયો આજે પણ બરકરાર છે. ભવાઈનો ગુજરાતની લોક નાટ્યકલાના સ્થાને એક જમાનામાં ભારે વટ હતો. ગુજરાતની નાટ્યકલાના દરવાજા ભવાઈએ ખોલ્યા છે. ભવાઈને રંગમંચ ઉપર પુનઃ સજીવન કરવાના અને દેશ વિદેશમાં લોકરંજન કરવાના હીરજી કેશવજી ભવાઈ મંડળીના ૧૧૫ વર્ષથી ચાલી રહેલા યજ્ઞને સલામ મારવી પડે.

**ધબકાર :**

**જ્યારે કલાકારને દાદ આપવામાં આવે ત્યારે દાદ આપનારાનો અહંકાર તુટે છે અને કલાકારનુ દિલ જીતાય છે.**

